# પ્રકરણ : ૯

# ‘સ્વપ્નતીર્થ’ (રાધેશ્યામ શર્મા)
# મનોવિશ્લેષણાત્મક અભ્યાસ

# ૯. : સ્વપ્નતીર્થ (રાધેશ્યામ શર્મા) : મનોવિશ્લેષણાત્મક અભ્યાસ

## ૯.૧. : સર્જક પરિચય :

રાધેશ્યામ સીતારામ શર્મા. તા. ૦૫/૦૧/૧૯૩૬ ના રોજ ગાંધીનગર જિલ્લાના વાવોલ ખાતે એમનો જન્મ. મૂળ વતન ઉત્તર ગુજરાતમાં આવેલું રૂપાલ. એમણે અનુસ્નાતક સુધીનો અભ્યાસ કરેલો છે. વ્યવસાયે પત્રકાર.

રાધેશ્યામ શર્માએ કવિતા, વાર્તા, નવલકથા, વિવેચન, નિબંધ, સંપાદન અને અનુવાદ ક્ષેત્રે પોતાની કલમ ચલાવી છે. કવિતા ક્ષેત્રે તેમણે 'આંસું અને ચાંદરણું' (૧૯૬૯), 'સંચેતના' (૧૯૮૩), 'નિષ્કરણ' (૧૯૭૪) વગેરે જેવા કાવ્યસંગ્રહો આપ્યા છે. 'Nagatives of Iternity' (૧૯૭૪) એ એમના અંગ્રજી કાવ્યોનો સંગ્રહ છે. 'બિચારાં' (૧૯૬૯), 'પવનપાવડી' (૧૯૭૦), 'વાર્તાવરણ' (૧૯૮૬) અને 'पहला पत्थर कोन मारेगा ?' (૧૯૮૧) નામક વાર્તાસંગ્રહોમાંની વાર્તાઓ, તેમાં નિરૂપાયેલ પ્રતીક, કલ્પન, સહોપસ્થિતિ અને ચલચિત્ર સંયોજના જેવી રચનાપ્રયુક્તિઓને કારણે નોંધપાત્ર છે. અભિવ્યક્તિપરક નાવીન્ય દાખવતી 'ફેરો' (૧૯૬૯) અને 'સ્વપ્નતીર્થ' (૧૯૭૯) નામની નવલકથાઓ પણ તેમની પાસેથી મળે છે. વિવેચન ક્ષેત્રે 'વાચના' (૧૯૭૩) અને 'સાંપ્રત' (૧૯૭૮) માં તેમના અવલોકનાત્મક અને આસ્વાદપ્રધાન અભ્યાસલેખો છે. તો 'ગુજરાતી નવલકથા' (રઘુવીર ચૌધરી સાથે, ૧૯૭૪) માં ગુજરાતી નવલકથાનો સ્વરૂપવિકાસ રજૂ કર્યો છે. 'કવિતાની કલા' (૧૯૮૩) એ આસ્વાદ લેખોનો સંગ્રહ છે. આ ઉપરાંત 'આલોકના' (૧૯૮૯), 'શબ્દ સમક્ષ' (૧૯૯૧), કર્તા-કૃતિવિમર્શ (૧૯૯૨), 'વિવેચનના વિધિ' (૧૯૯૩), 'ઉલ્લેખ' (૧૯૯૩), 'કાવ્યસંકેત' (૨૦૦૦), 'આલેખ' (૨૦૦૦), 'નવલકથા-નિર્દેશ' (૨૦૦૦), 'વાર્તાવિચાર' (૨૦૦૦), 'સિનેમાની સારેગમ' (૨૦૦૦) જેવા વિવેચનગ્રંથો દ્વારા સક્રિય વિવેચક તરીકેની તેમની છબી ઊભરી આવે છે. 'સાક્ષરનો સાક્ષાત્કાર' (ભાગ ૧ થી ૬) અને 'સૂત્રસાર-૧૦૮' તેમના નિબંધગ્રંથો છે. 'દલાલની પ્રતિનિધિ વાર્તાઓ' (૧૯૭૧), 'ધૂમકેતુની ભાવસૃષ્ટિ' (મફત ઓઝા સાથે, ૧૯૭૩), 'નવી વાર્તા' (૧૯૭૫), 'સમકાલીન ગુજરાતી વાર્તાઓ' (૧૯૮૧), '૧૦૧ ઈન્દ્રધનુષ' વગેરે એમનાં સંપાદનો છે. એમણે અંગ્રેજી અને વિવિધ ભારતીય ભાષાઓમાં

રચાયેલી કેટલીક કૃતિઓના અનુવાદો પણ કર્યા છે. આમ, તેમણે પોતાની સર્જનાત્મક પ્રતિભાને સર્જનકાર્યમાં સતત વ્યસ્ત રાખી હોય એવું, તેમના સમગ્ર સાહિત્યરાશિને જોતાં સહેજે અનુભવાય છે. 'અનંતરાય રાવળ વિવેચન એવોર્ડ', 'કવિલોક ઉત્તમ આસ્વાદ એવોર્ડ', 'મનજી કાનજી ગાંધી સુવર્ણચંદ્રક', 'ગુજુરાતી સાહિત્ય પરિષદ શ્રી રમણલાલ જોષી પુરસ્કાર' વગેરે જેવા પંદર જેટલા સાહિત્યિક પુરસ્કારો દ્વારા તેમનું સન્માન કરવામાં આવ્યું છે એ બાબત તેમના સાહિત્યને ઈયતા અને ગુણવત્તા ઉભય દષ્ટિએ તપાસવા અંગુલિનિર્દેશ કરે છે.

આધુનિક સાહિત્યના ઈતિહાસમાં તેઓ પ્રયોગશીલ નવલકથાકાર, વાર્તાકાર તરીકે પંકાયેલા છે. તેમની 'ફેરો' અને 'સ્વપ્નતીર્થ' નામની બે નવલકથાઓ આ સંદર્ભે ખૂબ વખણાઈ-ચર્ચાઈ છે. અત્રે તેમની સ્વપ્નતીર્થ નવલકથાનો મનોવિશ્લેષણાત્મક દષ્ટિકોણથી અભ્યાસ કરવાનો આશય છે.

## ૯.૨. : સ્વપ્નતીર્થનો મનોવિશ્લેષણાત્મક અભ્યાસ :

રાધેશ્યામ શર્માની પહેલી નવલકથા 'ફેરો' ૧૯૬૯ માં પ્રગટ થયેલી. ત્યાર પછી દશ વર્ષે તેમની પાસેથી બીજી એક નોંધપાત્ર નવલકથા મળે છે – 'સ્વપ્નતીર્થ'. ઉભય નવલકથામાં યાત્રાનું મોટિફ કેન્દ્રમાં છે. તફાવત એ છે કે ફેરોનો નાયક ટ્રેનયાત્રા કરે છે અને સ્વપ્નતીર્થનો નાયક પદયાત્રા – સંઘયાત્રા કરે છે. બંને નાયકોની યાત્રાને અનુલક્ષીને બંને કૃતિઓમાં બીજું એક સામ્ય એ છે કે જે તે નાયકની દેખીતી યાત્રા તો નિમિત્ત છે. નવલકથાસમગ્રનો કલાઘાટ તો બંને નાયકોની મનોયાત્રાના મદાર પર રચાયેલો છે.

બંને નવલકથાઓનું રચનાવિશ્વ પિતા-પુત્રના સંબંધ આસપાસ ફરે છે. ફેરોમાં એક પિતા પોતાના પુત્ર પ્રત્યેના સંવેદન-સ્નેહને કારણે ટ્રેનયાત્રા-મનોયાત્રા આદરે છે. તો સ્વપ્નતીર્થમાં એક પુત્ર પિતાની શોધ માટે / સદ્‌ગતિ માટે પદયાત્રા આદરે છે. આવા સામ્યો છતાં બંને રચનાઓને પોતપોતાની આગવી ઓળખ સાંપડે એવું સર્જનકર્મ લેખકે દાખવ્યું છે. બંને રચનાઓની સર્જનાત્મક સૃષ્ટિ નિરનિરાળી છે.

નવીન એ સ્વપ્નતીર્થ નવલકથાનું કેન્દ્રવર્તી પાત્ર છે. તેને નવલકથાનો નાયક કહી શકાય, પણ પરંપરાગત નવલકથામાં આવતા પ્રેમ-શૌર્ય દાખવતા ધીરોદાત્ત નાયક જેવા

ગુણો નવીનના પાત્રમાં નથી જણાતાં. તો આધુનિક નાયકોની માફક તે અશ્રદ્ધાળું, નિરાશ, હતાશ અને આત્મશ્રદ્ધા વિનાનો પણ નથી. તેને આત્મહત્યા કરવાના વિચાર નથી આવતા. તેને તો પ્રભુમાં પૂરી શ્રદ્ધા છે એટલે જ તે ડાકોરની પદયાત્રા આદરે છે. આમ, પરંપરાગત કે આધુનિક નાયકોના ખાનાંમાં ન બેસાડી શકાય એવા ગુણ-લક્ષણો તે ધરાવે છે. આ નવીનને કેટલાક વિવેચકો પ્રતિનાયક - Anti-Hero તરીકે નવાજે છે. પ્રતિનાયકમાં હોવા જોઈતા ગુણ-લક્ષણો નવીનમાં પણ જોવા મળે છે. પરંતુ એને નાયક કે પ્રતિનાયકનું, કોઈ પણ જાતનું લેબલ ચોંટાડ્યા વિના માત્ર એક વ્યક્તિ તરીકે તેના ચેતનાવિશ્વમાં ડોકિયું કરવાની રસકીય ચેષ્ટા કરવા જેવી છે.

નવીનની વય સંદર્ભે નવલકથામાં કોઈ સ્પષ્ટ નિર્દેશો નથી મળતા. પરંતુ તે મેટ્રીકમાં ત્રણવાર નાપાસ થયેલો છે. એટલે આપણે અનુમાનથી કહી શકીએ કે તે ૧૮-૧૯ વર્ષનો છે. ૧૮-૧૯ વર્ષની આયુ એટલે યુવાવસ્થા અને કિશોરાવસ્થા વચ્ચેનો સંધિકાળ. આ વયે વ્યક્તિ સંબંધોને અને પારિવારિક, ધાર્મિક, સામાજિક પરિવેશને સમજી શકે એટલી પરિપક્વતા ધરાવતી હોય છે. આ વયે વ્યક્તિની જિજ્ઞાસાવૃત્તિ બધી દિશાઓમાં વિકસે-વિસ્તરે છે. આ વયે વ્યક્તિ પોતાના અસ્તિત્વ સંદર્ભે પણ સજાગ-સભાન હોય છે.

નવીન નાનો હતો ત્યારથી સાંભળતો આવ્યો છે કે તેના કાકા અર્થાત્ પિતા ક્યાંક નાસી ગયા છે. તેને નાનપણથી પોતાના પિતાને જોવાની-મળવાની ખૂબ જિજ્ઞાસા છે. નાનપણમાં માએ તેને જુદી પથારી કરી સુવાડ્યો. આથી તે રિસાયો હતો અને રોતાં રોતાં માને પ્રશ્ન કર્યો હતો : "દેખાડ મારા કાકા ક્યાં છે ? ક્યારે આવશે ?"[૧]

'કાકા'નો એટલે કે પિતાનો એણે ફોટો જ જોયો છે. તેને કાકાના આવવાની, કાકા વિશે જાણવાની ઈંતેજારી છે. વેકેશનમાં તે રોજ કાકાની છબીને લૂછીને ચોખ્ખી રાખતો. આ બધી બાબત-વિગતો કાકા-પિતા પ્રત્યેના તેના સ્નેહભાવની સૂચક છે. પિતાને જોવા-મળવાની તેની મનોકામના અહીં બરાબર પ્રતિબિંબિત થાય છે.

નવીનના ભાઈબંધો એને 'માવડિયો'[૨] કહે છે. પણ તેની માતા સાથેના તેના સંબંધો કેવા છે તે ભાવક ધીરે ધીરે બરાબર સમજતો જાય છે. મા સાથેના તેના ભાવહીન સંબંધોના સંકેતો નવલકથામાં સાદ્યંત પડઘાતા રહે છે. સમગ્ર નવલકથામાંથી પસાર થતાં ખ્યાલ આવે છે કે માતા – પુત્ર વચ્ચે ભાગ્યે જ સંવાદ થાય છે અને એ સંવાદ પણ ખપ પૂરતો જ હોય છે.

મુખ્યત્વે બંને વચ્ચે મૌનનો સંબંધ છે. હમણાં હમણાં તો તે મા પ્રત્યે ગંભીર અપરાધભાવ સેવતો થયો છે અને દિવસ-રાત મોટે ભાગે ઘર બહાર જ ફર્યા કરે છે. પદયાત્રાના ત્રીજા દિવસની રાતે સ્વપ્નમાં એ છાપું વાંચતો હોય છે. તેમાં આવેલા એક સર્વેક્ષણ – અહેવાલમાં "તમે તમારાં માતા – પિતા પાસેથી શું ચાહો છો ?"[3] એવા એક પ્રશ્નના ઉત્તરમાં કેટલાંક બાળકોએ માતા-પિતા પાસેથી વધુ ઉદારતાની ઈચ્છા દાખવી હતી તો કેટલાકે માતા – પિતા પોતાની સાથે રમે, પિતા નોકરીએ ના જાય અને પોતાની સાથે રહે, પોતાની વાત સાંભળે, પોતાને સમજે એવી ઈચ્છા દર્શાવી હતી. બાળમનોવિજ્ઞાનની દષ્ટિએ આ અહેવાલ તો જોવા જેવો છે જ પણ એથીયે રસપ્રદ બાબત આપણો નાયક નવીન આ લેખ વાંચ્યા પછી જે પ્રતિક્રિયા આપે છે તે છે. તે છાપું વાંચી લીધા પછી આ લેખ પરીક્ષામાં નિબંધ તરીકે પૂછાશે તો કામ લાગશે એ હેતુસર કાતર લઈ કાપવા લાગે છે. નવીનની આ ક્રિયા બહુ સાંકેતિક છે. 'તમે તમારાં માતા-પિતા પાસેથી શું ચાહો છો ?' - એ પ્રશ્ન સંદર્ભે નવીન પાસેથી 'તે પોતે પોતાના માતા-પિતા પાસેથી શું ઝંખે છે ?' એવો વિચાર પ્રતિક્રિયારૂપે અપેક્ષિત છે. પરંતુ એવું કરવાને બદલે તે એ લેખને કાતર વડે કાપવા માંડે છે. તેની આવી ભાવહીન પ્રતિક્રિયા દ્વારા માતા – (પિતા તો છે નહિ) સાથેના તેના ભાવહીન, નીરસ અને મૃતઃપ્રાય સંબંધોનું સૂચન મળે છે. પોતાની માતા પાસેથી કશું માંગી શકે, તેની પાસેથી કશી ઈચ્છા રાખી શકે એટલી ઉષ્મા પણ એમના સંબંધમાં નથી રહી એ બાબત નવીનના આવા ઠંડાગાર વર્તન પરથી બરાબર સૂચવાય છે.

રસ્તાના રાહદારીઓ, દુકાનદારો અને છોકરાઓએ નવીનનું નામ 'નવીન ચાલું' પાડ્યું હતું. પહેલીવાર તેણે પોતાનું આ નામ સાંભળ્યું હતું, ત્યારે એની ભમ્મરો કાન-ખજૂરાની પેઠે સંકોચાઇ ગઈ હતી. પણ એ સંતની જેમ મરકી રહે છે. તો હાઈસ્કૂલની નીસરણી ગોકળગાયની ગતિએ ચઢવા બદલ તેના સહપાઠીઓ તેનું નામ 'નવીન ધીમો' પાડે છે. લોકો દ્વારા અપાયેલા આવા મશ્કરીભર્યા નામો સાંભળી નવીનનું યુવાન લોહી ઊકળી ઊઠવું જોઈએ એને બદલે તે સંતની જેમ મરકી રહે છે. તે તદ્દન નિષ્ક્રિય રહે છે.

તેને લાંબી લાંબી વાતો કરવી નથી ગમતી. સંવાદ એની અશક્તિ છે. પોતે ઝાઝા પ્રશ્નો પૂછતો નથી અને જે પ્રશ્નો પૂછે છે એનો તત્કાળ ટૂંકો જવાબ ઈચ્છે છે. કોઈને લાંબો જવાબ આપતો નથી. એને બહુ મિત્રો નથી. જે છે એ એની મજાક ઉડાડ્યા કરે છે. નવીન

તદ્દન ભોળો છે. તે સમજે બધું છે પણ તેનો પ્રતિકાર કરવાને બદલે તે મૌન રહી બધું જોયા કરે છે. તે અંતર્મુખી છે. તે સતત એકલતા અનુભવે છે. અંદર ને અંદર પીડાયા કરે છે પણ તે પોતાની વેદના કોઈ સમક્ષ પ્રગટ નથી કરી શકતો. તે સતત જેને પોતે કદી જોયા નથી એવા પિતાની શોધ કર્યા કરે છે. કારણ કે તે આ સમાજની કુટિલતાઓને ધીમે ધીમે પામતો જાય છે. તેને લાગે છે કે પોતાની આવી બધી વેદનાઓને તે પોતાના પિતા સમક્ષ જ રજૂ કરી શકશે.

તેના અંતર્મુખીપણાંમાં લઘુતાગ્રંથિના અણસાર આવે છે. તેના વ્યક્તિત્વવિકાસમાં જ કેટલીક ખામીઓ દૃષ્ટિગોચર થાય છે. નવલકથાના આરંભે મધરાતના બે વાગ્યા પછી નવીનને જે સ્વપ્ન આવે છે તેમાં તે ધોળા ધફ્ફ દિવ્ય કપડાંમાં શોભતા મહેમાનને પોતાના પરિવારનું પ્રેત દેખડવા ધાબા પર લઈ જાય છે. કઠેડાવાળી નીસરણીનાં પગથિયાં ચઢતી વખતે મહેમાનના પગમાં દેખાતી રૂવાંટી જોઈ નવીન વિચારે છે : “એ વખતે મેં જોયું કે કઠેડા પર પડતા મહેમાનના પંજાની આસપાસ જે રૂંછાદાર રૂવાંટી છે એવી મારે હોય તો ? મારે તો છોકરીની જેમ સાફ છે.”[૪]

પદયાત્રાની પહેલી રાત્રિએ સ્વપ્નમાં સીવવાના સંચાના પાવલા પર પિતાના પગ પર ગીચ રોમાવલિ જુએ છે ત્યારે પોતાના રોમશૂન્ય પગ પર અણગમાની આંખે જુએ છે. તેના મિત્રો તેને ‘માવડિયો’ કહે છે. નવલકથામાં તો આપણે જોઈએ છીએ કે નવીન અને તેની મા વચ્ચે બનાવટી સંબંધ છે. એમના સંબંધમાં સેજે હૂંફ નથી. તો મિત્રો તેને ‘માવડિયો’ શાના આધારે કહેતા હશે ? તેની શારીરિક અંગભંગિઓ અને તેના વ્યવહારને આધારે જ તેઓ નવીનને ‘માવડિયો’ કહે છે. મિત્રો પણ તેનામાં રહેલાં સ્ત્રૈણ ગુણોને બરાબર પારખી જાય છે.

રૂંછાદાર રૂવાંટી એ પૌરુષત્વનું એક લક્ષણ છે. નવીનના શરીર પર આવી રૂવાંટી નથી. નવલકથામાં તે બે કૂતરાની રૂવાંટીને પંપાળતો દર્શાવાયો છે. આ બધાં લક્ષણો તેનામાં રહેલા સ્ત્રૈણ ગુણોના દ્યોતક છે. તેની લઘુતાગ્રંથિ પાછળ આ પરિબળ પણ કારણરૂપ છે.

તેનો વ્યક્તિત્વ વિકાસ રૂંધયો છે. તે વિજાતીય આકર્ષણ અનુભવવાને બદલે સજાતીય સ્પર્શમાં આનંદ અનુભવે છે. પદાયાત્રા સંઘમાં જવા માટે તે ભાલુભાઈને અગિયાર રૂપિયા આપવા જાય છે ત્યારનો સંવાદ જુઓ :

" 'અલ્યા, તું તો છોકરી જેવો નમણો છે. બીતો બીતો કાં બોલે છે ? તારી બધી ભાળ હું રાખીશ' ભાલુભાઈ એક આંખ ફાંગી કરી નવીનના ગોળગોળ સુડોળ ઢીંચણને સ્પર્શ કરી રહ્યા. નવીનને આ સ્પર્શ જરીક પસંદ પડી જ ગયો હતો..."[૫]

પદયાત્રાની બીજી રાત્રિએ સોહનભાઈ પૂજારી દ્વારા તે સજાતીય સંબંધનો ભોગ બને છે. ત્યાં પણ તે બિલકુલ શાંત-નિષ્ક્રિય રહે છે. તે કશાનો પ્રતિકાર નથી કરતો એ શું સૂચવે છે ? આવી મનોવૃત્તિઓમાંથી સહજતયા તેની સજાતીય સંબંધ પ્રત્યેની અભિરૂચિનો ખ્યાલ આવે છે. સવાલ એ છે કે આવું કેમ થયું ? કયાં કારણોસર તેના વ્યક્તિત્વનો આવો અપ્રાકૃતિક વિકાસ થયો ? નવીનના આવા અપ્રાકૃતિક વ્યક્તિત્વ વિકાસ પાછળ તેની માતાનો વિનાયકકાકા અને ઘનશ્યામ મહારાજ સાથેનો અવૈધ સંબંધ કારણરૂપ છે.

મનોવૈજ્ઞાનિક દષ્ટિએ નાનું બાળક માતા પ્રત્યે અમાપ માલિકીભાવ ધરાવતું હોય છે. બાળકની દષ્ટિએ માતા પર માલિકીભાવ ધરાવતી બીજી સત્તા તે પિતાની. બાળપણથી જ પિતા પ્રત્યે બાળકને થોડો ઈર્ષ્યાભાવ-સ્પર્ધાભાવ હોય છે. ધીમે ધીમે તે પિતાનો પોતા પ્રત્યેનો સદ્‌ભાવ સમજે છે. એ રીતે તે પિતા પ્રત્યે પણ સહજ સ્નેહ ધરાવતું થાય છે. દુર્ભાગ્યવશ નવીનના જીવનમાં આવું નથી બનતું. બાળપણમાં જ તેના પિતા તેનાથી દૂર થઈ જાય છે. વિનાયકકાકા અને ઘનશ્યામ મહારાજ સાથેના આડસંબંધના કારણે માતા પ્રત્યેનો તેનો માલિકીભાવ સતત ઘવાતો ગયો. તેના બાળચિત્તમાં માતા પ્રત્યે ઘૃણાનો અને અવિશ્વાસનો ભાવ જાગ્યો અને વધતો ગયો. માતા પ્રત્યેનો તેનો અવિશ્વાસનો ભાવ સમગ્ર નારીજાત સુધી વિસ્તરે છે. તે કોઈ નારીમાં વફાદારી અને સ્નેહના ગુણો નથી જોઈ શકતો. તે કોઈ પણ સ્ત્રીને જુએ તો બારીમાં બેઠી બેઠી પાન ચાવતી તેની મા જ તેને યાદ આવે છે. દરેક સ્ત્રી વિશે તે આવી જ કલ્પના કરે છે. દરેક સ્ત્રીને તે મા જેવી બેવફા સમજે છે. સ્વપ્નમાં પણ મા અને અન્ય સ્ત્રીઓ તેની સમક્ષ આવી રીતે જ, બેવફા તરીકે પ્રગટ થાય છે. આ કારણે જ તે કોઈ સ્ત્રી તરફ આકર્ષણ નથી અનુભવતો. પરિણામે વિજાતીય આકર્ષણનો તેનો ભાવ ગંઠાઈ જાય છે અને જાતીય ભાવનાઓનો તેનો માર્ગ સજાતીય વ્યક્તિઓ તરફ ફંટાય છે.

પિતા પ્રત્યેના અગાઢ આકર્ષણનું કારણ પણ ઉપર્યુક્ત નિદાનમાં જ પડેલું છે. સામાન્યતઃ માતા પ્રત્યેના માલિકીભાવની હોડમાં બાળક પિતાને પોતાનો પ્રતિસ્પર્ધી સમજે

છે. પણ નવીનના સંદર્ભમાં તો તેના પિતા પોતે જ પત્ની પ્રત્યેનો માલિકીભાવ ગુમાવી બેઠા છે. પત્નીની બેવફાઈથી ત્રાસી તેઓ નાસી ગયા છે અથવા તેમની હત્યા કરવામાં આવી છે. પિતા પણ તેની જેમ જ પીડિત છે એવા સમભાવના કારણે જ તે પિતા પ્રત્યે અગાઢ આકર્ષણ અનુભવે છે. નવલકથામાં નવીન સાદ્યંત પિતાને પામવાની, તેમને મળવાની જે મથામણ કરે છે તેમાં તેનો પિતા પ્રત્યેનો સમભાવ જ પીઠિકારૂપ છે.

શાળામાં ગુરુજી નવીનને એના પિતાનું નામ પૂછે છે. આ ઘટના સાથે સર્જકે ઘનશ્યામલાલજી મહારાજના મુખે કહેવાતી સત્યકામ-જાબાલિની કથાને સન્નિધિકૃત કરી છે. સત્યકામની માતા વારાંગના હતી. 'અનેક પુરુષોની સેવા કરતી થકી માતા કહી નથી શકતી કે બાળકનો બાપ કોણ છે'. આવું જ કંઈક નવીનના જીવનનું પણ છે. તેની માતાને પણ વિનાયકકાકા અને ઘનશ્યામલાલજી મહારાજ સાથે અવૈધ સંબંધો છે. આથી તેના પિતા કોણ એ બાબત નવીન માટે પણ રહસ્યમય છે.

નવીનના અચેતન માનસમાં પિતા પ્રત્યે ઊંડો ભાવ રહેલો છે એ બાબત પર પ્રકાશ પાડતો શાળાનો એક પ્રસંગ નોંધીએ :

"..મેજ પર આંકણી પછાડીને સાહેબ લગભગ બરાડે છે 'નવીન નંબર બે, બારીની પવન આંકડી ચઢાવી દે.'

નાનો નવીન ઊભો થાય છે, જુએ છે અને હાથ બારીની કડી હોય ત્યાં રાખી કહે છે : 'સાહેબ, આંકડી જ નથી.'

'તારા બાપનું કપાળ નથી. ભાળ તો ખરો.'

'મારે તો બાપ જ નથી' – મનમાં નવીન બબડ્યો. બહાર : 'સાહેબ, આંકડી કે કડી કશું નથી.' "[૬]

આ સંવાદના આધારે અસંદિગ્ધપણે સમજી શકાય કે નવીનના આંતર મનમાં સતત પિતા સંદર્ભે મનોમંથન ચાલ્યા કરે છે. તેનું ચેતનાવિશ્વ સતત પિતાના વિચારોથી ઘેરાયેલું છે. માતા છે પણ માતા સાથેના તેના સંબંધો પેલા (નવલકથાના પ્રારંભિક ખંડમાં જેનું વર્ણન આવે છે એ) કૂવામાંના શબની માફક કોહવાઈ ગયા છે. આથી નવીન સતત એકલવાયાપણું અનુભવે છે.

એક દિવસ શાળાના હેડમાસ્તરનું અવસાન થતાં નવીનને એકાએક ઘેર જવાની છુટ્ટી મળી ગઈ. ઘેર આવ્યો. બારણું બંધ હતું. બે-એક વાર બારણું ખખડાવ્યા પછી તેને ઘરમાંથી કશી ચહલપહલની ગંધ આવે છે. કપડાનો સળવળાટ સંભળાય છે. આ સમયે તેને સંચા પર મૂકાતો 'કાકા'નો ફોટો યાદ આવ્યો. આવા સમયે તેને પિતાનો ફોટો યાદ આવવો એ વ્યંજનાત્મક દષ્ટિએ ઘણું બધું સૂચવી જાય છે. અહીં નવીનની સ્ત્રી-પુરુષોના સંબંધોને સમજવાની પરિપક્વતા પણ સહેજે સમજાય છે. નવીને ત્રીજીવાર બારણું ખખડાવ્યું ત્યારે માએ બારણું ખોલ્યું. જોયુ તો મા જે સંચા પર બેસી સીવણકામ કરતી એ સંચા પાસેની ખુરશી પર વિનાયકકાકા બેઠા હતા. નવીને જોયેલા આ દશ્યનો ગર્ભિતાર્થ સૂચવતું વર્ણન આવે છે તે નોંધપાત્ર છે : "સીગારેટની ધુંવાડી 'કાકા'ના માથા પર લટકતા ફોટા આગળ અગરબત્તીની સેરની જેમ ઊંચે થઈ વળાંક લઈ બારીમાં થઈ પોળમાં અલોપ થઈ જતી હતી."[૭] અહીં સીગારેટની ધુંવાડીની ગતિવિધિ દ્વારા પિતાના ગાયબ થઈ જવા પાછળનું રહસ્ય મા અને વિનાયકકાકા સાથે સંકળાયેલું છે એ પ્રતીકાત્મક રીતે બરાબર ઝીલાયું છે. તો માએ આપેલ પાણી પીતાં પીતાં "પિત્તળના પવાલા પર પિતાનું, પિતાના પિતાનું નામ અને અટક કોતરેલાં હતાં એને પીતી વખતે નવીને ફરી ખાતરીપૂર્વક વાંચી લીધા."[૮] મા અને વિનાયકકાકાને બંધબારણે ઘરમાં એકલાં જોતાં નવીનની જે અવઢવ ભરેલી મનઃસ્થિતિ છે તેનું સંકેતાત્મક નિરૂપણ તેની આ ક્રિયાઓમાંથી પ્રગટ થાય છે. નવીન પોતાના જ ઘરમાં ભૂલો પડી ગયો હોય એવું પરાયાપણું અનુભવે છે. આથી પોતે પોતાના જ ઘરમાં છે કે નહિ એની ખાતરી કરવા પવાલા પરના નામો વાંચે છે. મા અને વિનાયકકાકાના સંબંધ બાબતે તેના મનમાં ગૂંચ ઊભી થાય છે. આ ઘટના પછી તરત નવીન અને તેના મિત્ર રમણ વચ્ચે થયેલા સંવાદો મૂકાયા છે જે આ ઘટનાની તેના ચિત્ત પર થયેલી અસરને સૂચવે છે. જુઓ :

" 'આવા જ એક પોલીસ કૂતરાએ આજે કમાલ કરી હોં'

'શી ?'

'એક બૈરીને પકડી પાડી !'

'હેં ! કોણ હતી ?'

'વાઘરણ'

'શું કરતી હતી ?'

'ખૂન. એના ધણીને મારી બીજા કોઈક જોડે નાસી જતી હતી. પોલીસના કૂતરે ઘરેણા સાથે પકડી....'

'રમણ, તારી બેન બોલાવે' એક છોકરાએ કહ્યું અને તુરત રમણ ઊઠીને ગયો. ઓરમાન બેનથી રમણ કેટલો બીતો હતો...

નવીન એકલો પડ્યો કે એણે વાઘરણ સ્ત્રી વિશેની કલ્પનાનું ચિત્ર આંકવા માંડયું. એના આશ્ચર્ય વચ્ચે જેટલી વખત તેણે યત્ન કર્યો એટલી વખત વાઘરણને સ્થાને કોક પરિચિત સ્ત્રીનો ચહેરો-મોહરો ભળાયો ! એ કુત્તાને પંપાળતો ગયો, એના કાન પર હાથ પસવારતો ચાલ્યો રુંવાટી સાથેનું ઘર્ષણ ગમવા લાગ્યું ત્યાં સંડાસના અવાવરું જાળિયા પરથી લસરતી એક જાડી "ઘરોળી" આવી અને ઝીણી જીવાતને જીભ લંબાવી લંબાવી આરોગવા મંડી. સાચવીને નવીન ઊઠયો. કોણ જાણે શું થયું તે નીચેથી એક અણિયાળો ધારદાર પથરો લઈ, હતા એટલા જોરથી ઘરોળી પર ખીલાની પેઠે ઠોકયો. ગટર બાજુ ઘરોળી ભાગી અને લોહીવાળી પૂંછડી છૂટી થઈ નીચે પડી ગઈ અને પૂંછડી ઊંચીનીચી નાચ-કૂદ કરવા લાગી. જોત-જોતામાં કૂત્તો કૂદ્યો અને પૂંછડી મોઢામાં દબાવી ચકલા તરફ નાઠો." ૯

અહીં ઘરોળીનું નિરૂપણ ધૃણાભાવના પ્રતીક તરીકે થયું છે. માને વિનાયકકાકા સાથે બંધબારણે ઘરમાં એકલી જોઈ નવીન તેના પ્રત્યે ધૃણાભાવ અનુભવે છે. એવો જ ધૃણાભાવ તે સંડાસના અવાવરુ જાળિયા પરથી લસરતી જાડી ઘરોળી જોઈને અનુભવે છે. મા પ્રત્યેના ધૃણાભાવને કારણે તેના ચિત્તમાં આક્રમક ભાવો જાગે છે પરંતુ એની સમક્ષ પ્રત્યક્ષ આવું વલણ તે દાખવી ન શકે. મા પ્રત્યેના ધૃણાભાવનું ઘરોળી પ્રત્યેના ધૃણાભાવ સાથે તાદાત્મ્ય સંધાતા તેના ચિત્તમાં જન્મેલા આક્રમક ભાવો પણ ઘરોળી પ્રત્યે વળે છે. પરિણામસ્વરૂપે તે ઘરોળી પર બળપૂર્વક પથરો ફેંકી, તેની પૂંછડી કાપી, તેને ઈજા પહોંચાડે છે.

ઘરોળી પ્રત્યેના તેના આક્રમક વલણ પાછળનું બીજું એક કારણ પણ આ ઘટનામાંથી સૂચવાય છે. પોતાના પતિની હત્યા કરીને, તેની ધનસંપત્તિ લઈને અન્ય પુરુષ જોડે નાસતી વાઘરણની કલ્પનામાં વાઘરણને સ્થાને પોતાની માનો ચહેરો જ દેખાય છે. અર્થાત્ નવીનના ચિત્તમાં એવી ગ્રંથિ બંધાઈ ગઈ છે કે માએ જ વિનાયકકાકા સાથેના આડસંબંધને કારણે મારા પિતાની હત્યા કરી હશે. પિતા પ્રત્યે અથાગ લાગણી ધરાવતા નવીનના ચિત્તમાં પિતાનું ખૂન કરનાર મા પ્રત્યે પ્રતિશોધના ભાવરૂપે હિંસાત્મક વલણ જન્મે છે. પરંતુ મા

સમક્ષ પ્રત્યક્ષપણે તે હિંસાત્મક વલણ ન દાખવી શકે એના કારણે પરોક્ષ રીતે ઘરોળી પર પથરો ફેંકી પોતાના હિંસાત્મક ભાવોને વ્યક્ત કરે છે.

ઘરોળી સાથે નવીને દાખવેલ હિંસાત્મક વલણ એ તેના ચિત્તમાં પડેલા પ્રતિશોધના ભાવનું પરિણામ છે એવા અર્થઘટનને ડૉ. સુમન શાહ 'દુરાકૃષ્ટ અર્થઘટન'[૧૦] ગણાવે છે. પરંતુ આ ઘટનાને મનોવૈજ્ઞાનિક દષ્ટિએ આ રીતે જ ઘટાવી શકાય એવા સંકેતો તેમાં પડેલા છે. બાબુ દાવલપુરાનો આ ઘટના વિશેનો અભિપ્રાય મારા અર્થઘટનને સમર્થન પૂરું પાડે છે :

"જીવાતને રસપૂર્વક આરોગતી પેલી સંડાસના અવાવરું જાળીયા પરની જાડી 'ઘરોળી' પર પથ્થરનો પ્રહાર કરી તે લોહીલૂહાણ કરી મૂકે છે, એ ચેષ્ટામાં જારકર્મા મા પ્રત્યેની તેની ઉગ્ર પ્રતિક્રિયાનો સંકેત મળે છે."[૧૧]

મા શાંતાને ઘનશ્યામલાલજી મહારાજ સાથે પણ અવૈધ સંબંધો હતા. આ સંદર્ભે પણ નવલકથામાંથી અનેક સંકેતો મળી રહે છે. સંઘયાત્રામાં નીકળેલા નવીનને યાત્રાની પહેલી રાત્રિએ સ્વપ્ન આવે છે. એ સ્વપ્નમાં તે માને પહેલા પિતા સાથે, પછી વિનાયકકાકા સાથે અને પછી ઘનશ્યામલાલજી મહારાજ સાથે જુએ છે. માતાના આ બધાં પુરુષો સાથેના સંબંધે નવીનના અચેતન માનસ પર બહુ ઊંડી અસર કરી હોય તો જ આવું સ્વપ્ન આવે. રાત્રે આવતા સ્વપ્નોના મૂળીયાં અચેતન માનસમાં પડેલાં હોય છે અને એ સ્વપ્નોનું મનોવિશ્લેષણાત્મક દષ્ટિએ અર્થઘટન કરવામાં આવે તો અચેતન માનસમાં દમિત પડેલી વાસનાઓ અને વિચારો સાથે એના સંકેતો જોડાયેલા જોવા મળે. સુષુપ્તાવસ્થામાં માણસનું ચેતન માનસ નિષ્ક્રિય હોય છે એટલે એ દરમ્યાન સ્વપ્નમાં ભાસતી બધી સામગ્રી અચેતનની જ નીપજ હોય છે. નવીનને યાત્રાની પ્રથમ રાત્રિએ આવેલા સ્વપ્નમાં ઈડિપસગ્રંથિના કેટલાક સંકેતો જણાય છે. આ સ્વપ્નમાં નવીન પોતાને બાળકરૂપે જુએ છે. તે ઘોડિયામાં સૂતો છે. સ્વપ્નારંભે :

"એના પેઢામાં કોઈક ના સમજાય એવો વવરાટ અને હાથમાં જે કાંઈ પકડમાં આવે – સાપ કે સળગતા કોલસા પણ આવે તો તે લઈને મોઢામાં દાંત નીચે દબાવી કચરી નાખવાની તીવ્ર ઈચ્છા છે.

નવીનના હાથમાં હાલ કેરી છે. લીલી લીલી કાચી કાચી. કેરીની દીંટડી પરનો ગુંદ એના હોઠે ચોંટે છે. કેરીને ગોળતો ગોળતો રસ ચૂસવા મથે છે. પૂર્વે આવું કશું જ એના હાથ-મોંમાં હતું જે હવે નથી. ખોયું પકડી એ ઘોડિયામાં બેઠો થાય છે ને જુએ છે."[૧૨]

અહીં પ્રતીકાત્મક રીતે નવીનના અચેતન માનસમાં પડેલી માતાના સ્તનપાનને લગતી તીવ્ર ઈચ્છાઓનું નિરૂપણ જોવા મળે છે. નવીનના સ્વપ્નમાં આવેલો નવીન ઘોડિયામાંથી ડોકું બહાર કાઢી જુએ છે તો મા કોઈક પુરુષ સાથે પ્રણયમસ્તીમાં રત હતી. એ પુરુષ તે નવીનના કાકા-પિતા હતા. ત્યાર પછી ફરીથી નવીન ઘોડિયાંમાંથી ડોકું બહાર કાઢે છે ત્યારે : "પેલા કાકાવાળા ફોટામાં હવે વિનાયકકાકાનો હસતો ચહેરો જોવા મળ્યો !"[૧૩] નવીન ત્રીજી વાર બેઠો થઈ જુએ છે તો "ફોટામાં નહિ કાકા, નહિ વિનુકાકા, પણ સાક્ષાત્ શ્રીમદ્ ઘનશ્યામજી મહારાજ. કપાળે કેસરનું ચંદન – અર્ચન એના પર કંકુનું ઊર્ધ્વપુંડ મોંમા વૈષ્ણવ હવેલીનું મઘમઘાટ બીડું, નેત્રમાં આછી આછી મેંશ, વાંકડિયા વાળમાંથી તેલને બદલે અત્તરની વાસ આખા ઓરડામાં પ્રસરી ગઈ હતી અને મા અસલી શૃંગારમાં મહારાજશ્રીના અંકમાં વચ્ચે પાંથી પાડી ઓળેલા વાળના માથાને મૂકી ઝૂકી પડીને સૂતી રહેલી હતી. ઘનશ્યામલાલજી મરક મરકતા જમણા હાથે માના સેંથામાં સિંદૂર ભભરાવી રહ્યા હતા...

નવીનને અચાનક પીઠની વચોવચ ઘોડિયામાં કશુંક ખૂંચવા લાગ્યું. શું વાગતું હતું ? પાછળ હાથ નાખી એ વસ્તુ કાઢી જોઈ તો માની માથામાં ખોસવાની પીન-તીણી ધારવાળો ધાતુનો સળીયો ! મુખેથી જરી "ઊંવાં" નીકળી પડ્યું."[૧૪]

નવીન ત્રીજીવાર જુએ છે ત્યારે માતા ઘનશ્યામલાલજી મહારાજના અંકમાં હતી. આ દશ્ય જોયા પછી ઘોડિયામાં સૂતેલા નવીનને કશુંક 'ખૂંચવા' લાગે છે. જે વસ્તુ ખૂંચે છે એ છે 'માતાની પીન – તીણી ધારવાળો ધાતુનો સળીયો'. સિગ્મંડ ફ્રોઈડના અર્થઘટન મુજબ સ્વપ્નમાં આવતી ધાતુના સળીયા જેવી ધારદાર વસ્તુઓ પુરુષલિંગનું પ્રતીક હોય છે. પેલો ધારદાર સળીયો નવીનને ખૂંચે છે એનો મતલબ નવીનને પોતાની જાતીય ઈન્દ્રિયો જ હવે ખૂંચવા લાગી છે. તેની માતા પ્રત્યેની પુરુષસહજ જે લાગણીઓ હતી એ દુભાઈ છે. 'ઊંવાં' એવું રડવું પણ તેની દુભાયેલી લાગણીનું સંકેતક બની રહે છે. આ પછી જુઓ :

"ઘોડિયામાં નવીન પાછો પટકાયો અને જેવો પટકાયો કે ઘરની દીવાલો, વાસણો, પીઢો, અભરાઈઓ ધીમે-ધીમે ધીરે ધીરે હવામાં વરાળ બનીને વાયુમાં વિલીન થઈ ચાલી અને ઉન્હી ઉન્હી એ વરાળોના અદશ્ય થવા સાથે ખંડિયેર જેવી વાવના એક ગોખ આગળ પોતાને ખોયામાં બિલકુલ શિશુ સ્વરૂપે નિહાળ્યો."[૧૫]

માતારૂપી પ્રેમિકાએ પોતા સાથે દગો કર્યાનો ભાવ એ અનુભવે છે. તેને પોતાનું અસ્તિત્વ જ વિલીન થતું લાગે છે. અહીં આપણે તેના ચિત્તમાં પડેલી ઇડિપસગ્રંથિના સંકેતોને જોઈ શકીએ છીએ. આગળ આ જ નવીન માતાને વિનાયકકાકા સાથે ઘરમાં બંધબારણે એકલી જુએ છે ત્યારે એની પ્રતિક્રિયારૂપે તે ઘરોળી પર પથરાનો પ્રહાર કરી પોતાની આક્રમક મનોવૃત્તિ દાખવે છે. આ ઘટનામાં પણ તેની ઇડિપસ ગ્રંથિનો એક સંકેત છુપાયેલો છે. સ્ત્રીરૂપી માતા જો મારી ના થઈ શકી તો એ બીજા કોઈની ના થઈ શકે. એનું એ વલણ પરપીડનવૃત્તિ અને આક્રમક વૃત્તિમાં પરિણમે છે. તે માતા પર પ્રહાર ના કરી શકે એટલે જ તેણે ઘરોળી પર પ્રહાર કર્યો. આવા ગુણો જોઈને જ નિરંજન ભગતે નવલકથાની પ્રસ્તાવનામાં તેની તુલના ઇડિપસ, ઓરસ્ટીસ અને હેમ્લેટ સાથે કરી છે. નિરંજન ભગતે પણ તેનામાં ઇડિપસ ગ્રંથિના લક્ષણો જોયા છે.

પોતાની મા સાથે અવૈધ સંબંધ રાખનાર વિનાયકકાકા અને ઘનશ્યામલાલજી મહારાજ પ્રત્યે નવીન કટુભાવ ધરાવે છે. શાળામાં સાહેબે રાતા સમુદ્ર વિશે સવાલ પૂછ્યો'તો. નવીનને તેનો જવાબ ન આવડ્યો એટલે સાહેબ ખીજાયા "ખોપરીમાં વહે છે એવું રાતું રાતું લોહી કોઈ દી' જોયું નથી ભૂંડ ?"[૧૬] આંગળીઓમાંથી લોહી નીકળી જાય એટલો માર પડ્યો'તો. ઘેર જતાં સાહેબે કહેલા શબ્દો સાથે રમત કરે છે જુઓ :

"કોપરું - ખોપરી - કોપરી – રાતો માતો સાહેબ – મા પરી – સમુંદર – ઉદર – ઉંદર – મોજા – મોજાં – સો જા – હો જા ઉદર – ઉંદર –સમંદર – હો જા છછુંદર નાયક - વિનાયક - લાયક - સાલો નાલાયક - સહાયક ઘનશ્યામ..."[૧૭]

નવીનના મુખેથી ઉચ્ચારાયેલી આ શબ્દરમત દ્વારા તેની માતાના વિનાયકકાકા અને ઘનશ્યામલાલજી મહારાજ સાથેના અવૈધ સંબંધોની તેના ચિત્ત પર કેવી ગહન અસર થઈ છે તેનો ખ્યાલ આવે છે. અનાયાસ નીકળેલા આ શબ્દોમાં તેના અચેતનના ભાવો એવા એકરૂપ થઈ ગયા છે કે ઉપર ઉપરથી જોઈએ તો એ શબ્દરમત જ ભણાય.

આમ, નવીન એકદમ મંદ ગતિએ કામ કરનારો, નિષ્ક્રિય, અસલામતીનો ભાવ અનુભવતો, ઓછાબોલો, એકલવાયો અને લઘુતાગ્રંથિથી પીડાય છે. તેના આવા અસાધારણ વ્યક્તિત્વની પાછળ આવા કેટલાંક મનોગત લક્ષણો કારણભૂત છે.

## ૯.૩. : અસ્તિત્વ સંદર્ભે પ્રશ્નાર્થ અનુભવતા નવીનનું મનોવૈજ્ઞાનિક જીવન :

માતાને પિતા સિવાય વિનાયકકાકા અને ઘનશ્યામલાલજી મહારાજ સાથે અવૈધ સંબંધ છે. આ વાત જાણતા નવીન સામે ખરેખરો પ્રશ્ન પોતાના અસ્તિત્વ વિશે છે. તેનો ખરો પિતા કોણ ? એક બાજુ તે તેના ગુમ થયેલા પિતા પ્રત્યે અનહદ સ્નેહ ધરાવે છે. તો બીજી બાજુ વિનાયકકાકા જ તેના પિતા હોય એવું અનુભવે છે. પદયાત્રામાં ત્રીજા દિવસે તે છાપામાં એક નોંધ વાંચે છે જેમા કોઈ નવીન વિનાયક શાહના ગુમ થયાના સમાચાર છે. આ પછીની નવીનની પ્રતિક્રિયા જુઓ :

“જાહેર ખબરમાં ખોવાયેલો નવીન વિમાસણમાં પડયો : આ નવીન નંબર બે હશે ? એના બાપનું નામ વિનાયક ક્યાંથી ? વિનાયક કાકાને તો છોકરો જ નથી. પછી....કે આ નવીન નંબર ત્રણ....!

એની આંખો બળવા લાગી.....”[૧૮]

નવીનની આ પ્રતિક્રિયામાંથી સ્પષ્ટતઃ એ પ્રતીત થાય છે કે તે પોતે વિનાયકકાકાનો દીકરો છે કે નહીં એવી અવઢવમાં છે.

તો બીજી બાજુ “પાણીથી લથબથ વાળને ઘનશ્યામજીની રીતે અરીસામાં” ઓળતા નવીનમાં આપણે ઘનશ્યામલાલજી મહારાજના ગુણ-લક્ષણોનો અણસાર જોઈ શકીએ છીએ. વળી ઘનશ્યામલાલજીના સત્સંગ મંડળમાં સ્ત્રીઓ અને એમાં પણ વિધવા સ્ત્રીઓ વિશેષ હોય છે. સ્ત્રીઓ તરફની તેમની અતિવિશેષ રૂચિ નવલકથામાં વારંવાર જોવા મળે છે. આ બધી બાબતો ઘનશ્યામલાલજી મહારાજને નવીનની માતા સાથે પણ કોઈક સંબંધ હશે એ પ્રતીતિને દૃઢ બનાવે છે.

આમ, પિતા, ઘનશ્યામલાલજી મહારાજ અને વિનાયકકાકામાંથી પોતાના ખરા પિતા કોણ એ નવીન માટે પ્રાણપ્રશ્ન છે. આની સાથે તેના ચિત્તમાં બીજી શંકા એવી જન્મે છે

કે મારા પિતા ગુમ થયા છે કે માએ વિનાયકકાકા અને ઘનશ્યામલાલજી મહારાજ સાથે મળીને એમની હત્યા કરી નાખી છે. નવલકથામાં આવતું રીંછ આ બાબતે નવીનના ચિત્તમાં ચાલતા સંચલનોનું સંકેતક બની રહે છે. રીંછને તે પોતાના પરિવારનું 'પ્રેત' ગણાવે છે. કાકા-પિતાના પિત્તળની દાંડીવાળા ચશ્મા પહેરીને આવતું રીંછ પિતાનું પ્રેત છે તે સ્પષ્ટ છે. આ રીંછમં પ્રેતરૂપે આવેલા પિતાને નવીન પૂછે છે :

"તમે પ્રેત થયા છો ?

હા, અને ના. પૂછ તારી માને, પૂછ વિનાયકને...."[૧૯]

નવીને ઊંઘમાં જોયેલાં સ્વપ્નમાં આવતો આ સંવાદ છે. સ્વપ્નમાં આવેલા આ સંવાદથી એટલું તો ચોક્કસપણે સમજાય છે કે નવીનના મનમાં ઊંડે ઊંડે ક્યાંક એવો શંકાનો ભાવ છે કે મારા કાકા-પિતાની હત્યા થઈ છે. પિતા પ્રેત બનીને આવે છે એ એજ બતાવે છે કે પિતા આ દુનિયામાં હયાત નથી. એમની હત્યા માટે મા અને વિનાયકકાકા જવાબદાર છે.

પાંચમાં દિવસની રાત્રિએ નવીનને જે સ્વપ્ન આવે છે તેમાં પોતે ઘનશ્યામ મહારાજના આદેશથી એક બિહામણાં જંગલમાં બ્રહ્માની પ્રતિમા બિરાજમાન હોય એવા પ્રાચીન દેશની શોધમાં નીકળ્યો છે. માર્ગમાં તેને રીંછના મહોરાવાળો માણસ મળે છે. ડરનો માર્યો નવીન ઝાડની ડાળી પર લટકતું, ચીકળું રાતું પ્રવાહી ટપકાવતું ખડગ્ લઈ પેલા રીંછના મહોરાવાળા માણસ દેહમાં ખોસી દે છે. તેની પાસે પિત્તળની દાંડીના ફૂટેલા ચશ્માં પડયાં હતાં.

પાંચમી રાત્રિના આ સ્વપ્નમાંથી નવીનના ચિત્તમાં ઊંડે ઊંડે પડેલી પિતાની હત્યા પાછળ પોતાનું અસ્તિત્વ જવાબદાર છે એવો અપરાધભાવ પ્રગટ થાય છે. તેને લાગે છે કે વિનાયકકાકા અથવા ઘનશ્યામ મહારાજનું હું અનૌરસ સંતાન હોઈશ એ કારણને લઈને જ મારા પિતાએ આત્મહત્યા કરી હશે. એમના ગાયબ થવા પાછળ કે એમની આત્મહત્યા પાછળ મારો જન્મ જ જવાબદાર હશે એવો અપરાધભાવ તે અનુભવે છે.

## ૯.૪. : નવીનની માનસિક પીડા અને તેની ધર્મલક્ષી પ્રતિક્રિયાઓ :

કિશોર વયનો નવીન ખૂબ ધાર્મિક છે. એટલે સુધી એ ધાર્મિક બનતો જાય છે કે "ઘણીવાર શૌચ થતો જ નહિ ને એમ ને એમ એ પાછો આવતો. પીળા – પરચક મૂત્રની સાથે ઘણીવાર લીંટ જેવો ઘટ્ટ ને ચીકણો પદાર્થ નીકળી પડતો ત્યારે એ કબજિયાતને કારણે કરાંજવાને બદલે રામરામ જપવા લાગતો."[૨૦] માણસનો ધાર્મિકતા તરફનો અતિરેકભર્યો ઝોક પણ તેના વ્યક્તિત્વ વિકાસની રૂંધામણનો સૂચક છે. નવીન માતા સાથેના પોતાના લાગણીરહિત સંબંધથી વાજ આવી ગયો હતો. તે સમજી ગયો હતો કે એમના વચ્ચેનો સંબંધ બનાવટી છે. એમાં વળી માતાના અવૈધ સંબંધને નજર સમક્ષ તે સાંખી ન શકે એ સહજ છે. આથી તે માતાથી દૂર દૂર રહેવા મથે છે. આ સમયે તેને ધર્મનો આશ્રય મળી રહે છે. મનોવિજ્ઞાનની પરિભાષામાં કહીએ તો આ નવીનની પલાયનવૃત્તિ છે. પોતે જેને અંતરમનથી ચાહે છે, જેના સ્નેહભાવથી સદા વંચિત રહ્યો છે એવી મા અન્ય વ્યક્તિ સાથે સંબંધો ધરાવતી હોય એ નવીન કેમ સાંખી શકે ? આ બધું પ્રત્યક્ષપણે જોવું એના માટે અસહ્ય હતું. સામાજિક ધારાધોરણો (Super Ego) મુજબ તેણે માતાનો આદર કરવો જોઈએ. આથી આદરવશ તે માતાને કશું કહી નથી શકતો. (Id) અંતરમન માતાને ઝંખે છે પણ માતાને અન્ય સાથે સંબંધ છે એ જાણી-જોઈ તેનું અંતરમન પીડાય છે. આથી તે માતાથી દૂર નાસવા મથે છે. એવા સમયે પેલી પદયાત્રાની જાહેરાત વાંચે છે. એનો અહમ્ (Ego) તરત માર્ગ શોધી લે છે. યાત્રા કરવા જાય તો એકબાજુ યાત્રા કર્યાનું પુણ્ય કમાય અને એમ સમાજમાં માનપાન મળે અને પોતાનો અહમ્ સંતોષાય. સાથોસાથ માતાથી દૂર રહેવા મળે અને મારી માતા હજુ મને જ ચાહે છે એવો એના અચેતન મનનો ભ્રમ ટકી રહે. એ રીતે જોઈએ તો પદયાત્રા એ ચેતન મન અને અચેતન મન વચ્ચેનું સંતુલન જાળવી રાખવા તેના અહમે અપનાવેલી એક પ્રયુક્તિ છે. સ્પષ્ટતયા દેખાય જ છે કે નવીન પદયાત્રામાં જોડાય છે પણ શરીરથી. મનથી નહિ. ડૉ. ભરત પંડયા કહે છે તેમ નવીન સાંપ્રદાયિક વાતાવરણમાં શ્વસે છે પણ જીવતો નથી. તેનું ચિત્ત તો સર્વદા માતાની આસપાસ જ ભમ્યાં કરે છે. નવલકથામાં દેખાતું તેનું ધાર્મિક વ્યક્તિત્વ એ તેની પલાયનવૃત્તિનું પરિણામ છે. બીજી બાજુ તે સતત એકલતાનો અને અસલામતીનો ભાવ અનુભવ્યા કરે છે. પિતાના પિતૃ તરીકે આવતું પેલું રીંછ તેને 'ભાગ જાઓ', 'માર ડાલુંગા' એમ કહી ડરાવે છે. આ રીંછ પિતાનું

પ્રેત છે. પ્રેત કે પિતૃમૂર્તિઓની મુક્તિ માટે તે ધર્માશ્રય સ્વીકારે છે. તેને લાગે છે કે પિતાની મુક્તિ માટે અને પોતાની સલામતી માટે પિતૃતર્પણ અર્થે યાત્રા કરવી પડશે. તેને એવું પણ લાગ્યા કરે છે કે યાત્રા કરવાથી ક્યાંક મને મારા પિતા મળી જાય તો હું મારા હૃદયની વેદના એમના સમક્ષ પ્રગટ કરું. પણ નથી તેની ભયગ્રંથિ દૂર થતી કે નથી તેને તેના પિતા મળતા. તેની માનસિક પીડા યથાવત રહે છે. ઉપરથી ધર્મ પ્રત્યેની તેની જે શ્રદ્ધા હતી તે પણ નિરાશામાં પરિણમે છે. જે પ્રભુ પાસે તેને સલામતીની આશા હતી એ "પ્રભુચરણ સંચાના લોખંડ જેટલાં ઠંડા હેમ"[૨૧] હતાં. પ્રભુચરણ એટલે પ્રભુનો આશ્રય. એ આશ્રયસ્થાન એને ઠડું હેમ જેવું લાગે છે અર્થાત્ ત્યાં તેને તેની સમસ્યાઓનું સમધાન નહીં મળે. યાત્રાના અંતે તે ગોમતી નદીમાં સ્નાન કરવા જાય છે ત્યારે તેની યાત્રાની ડાયરીના પાનાં નદીમાં તરતાં મળે છે. અહીં સાંકેતિક રીતે નવીનના નિરાધારપણાંનો સંકેત મળે છે. તે હવે ડાયરીના પાનાને નહિ પોતાના અસ્તિત્વને જ પાણીમાં હિલ્લોળા લેતું અનુભવે છે. એટલે જ આ ઘટના બન્યા પાછળ તરત એક વિધાન આવે છે "સ્મશાન તરફ વાયરો વછૂટ્યો હતો."[૨૨]

## ૯.૫. : નવલકથામાં પ્રયોજાયેલી નાનાવિધ રચનાપ્રયુક્તિઓની ઉપયુક્તતા :

### ૯.૫.૧. : સ્વપ્નમાં સ્વપ્નની પ્રયુક્તિ :

નવલકથાની સૌથી રસપ્રદ બાબત છે તેની સંરચના. નવલકથા નવીનના સ્વપ્નમાં ચાલે છે કે જાગૃતાવસ્થાએ ભૌતિક વાસ્તવની ધરાતલ પર ચાલે છે એ નક્કી કરવું સહૃદય ભાવક માટે પડકારરૂપ છે. નવલકથાના શીર્ષક - 'સ્વપ્નતીર્થ' તરફ ધ્યાનથી જોઈએ તો એવું સમજાય છે કે નવલકથા સ્વપ્નસ્તરે જ ચાલે છે. નવીન જે તીર્થયાત્રા કરે છે તે સ્વપ્નમાં જ કરે છે. પરંતુ કેટલાંક કથાંશો એવા છે જે આપણને એવી પ્રતીતિ કરાવે છે કે નવલકથાની ઘટનાઓ નવીનની જાગૃતિની અવસ્થામાં ઘટેલી છે. તેણે સાચે જ પદયાત્રા કરેલી. પદયાત્રા નિમિત્તે નવીન ડાયરી લખે છે. આ ડાયરી જ કથારૂપે અહીં અભિવ્યક્તિ પામી છે. આ ડાયરી નવીનના સ્વપ્નનો જ એક ભાગ છે કે તેણે વાસ્તવમાં આ ડાયરી લખી છે એ પણ એક સવાલ છે. નવલકથાના અંતે એક દશ્ય આવે છે તેમાં નવીન અને તેની મા વચ્ચેનો એક સંવાદ જુઓ. નવીન કહે છે :

" 'મા, મને શું કામ વહેલો જગાડ્યો ?...ચાલી ચાલીને હું તો થાકી ગયો છું. હવે કોઈ દહાડો ચાલતા સંઘમાં નહીં જાઉં.'

'ભૈ, મા'રાજના માણસ આવ્યા'તા ને કેતા'તા કે પેલી તેં ઉતારી છે એ સંઘની ડાયરી લૈ મારાજ પાસે બપોરના જવાનું છે.' "[૨૩]

આ સંવાદમાંથી એવી પ્રતીતિ થાય છે કે નવીન ખરે જ ડાકોરની તીર્થયાત્રા કરીને આવ્યો છે. નવલકથાનો આરંભ પણ નવીન જાણે ખરેખર પોતાની કથની જાગ્રતાવસ્થામાં રજૂ કરતો હોય એવી રીતે અભિવ્યક્તિ પામ્યો છે.

પરંતુ નવલકથાના પાના નંબર ૫૫ પરનો અંતિમ ફકરો વાંચતા અને તેને નવલકથાના અંતિમ વાક્ય સાથે સરખાવતા-સાંકળતા નવલકથાનો એક જુદો જ ઢાંચો રચાતો અનુભવાય છે. એ અનુસાર સંપૂર્ણ નવલકથા સ્વપ્નમાં ચાલે છે એવો અનુભવ થાય છે. કથામાં ૫૫ નંબરના પાના સુધી જે નવીન આવ્યો તે નવીન મુખ્ય. ૫૫ નંબરના પાના પરનો ફકરો જુઓ :

"પાણીથી લથબથ વાળને ઘનશ્યામજીની રીતે અરીસામાં જોઈ ઓળતો નવીન એકદમ નવાઈમાં પડી ગયો. અરીસાની અંદર અરીસા જ અરીસા. છેલ્લામાં છેલ્લા હશે એવા અરીસામાંથી કોઈક પોતાની સામે જ દોડતું આવી રહ્યું હતું. નવીન સહેજ ગભરાયો, સ્તબ્ધ થઈ ગયો. નવીન જ નવીનની સામે દોડતો આવી રહ્યો હતો ! 'બા...' બોલાઈ ગયું નવીનથી. પણ ઓરડીમાં કોઈ કહેતાં કોઈ જ નહોતું હવે શું કરવું ? પણ અરીસાનો નવીન અટકયો નહિ. જેમ બારણાનો ઉંબર ઓળંગી કોઈ પોતાના ઘરમાં આવે એમ બીજો નવીન આદમકદ અરીસાની ફ્રેમમાં થઈ બહાર કૂદી પડયો અને નવીનની માતાના સંચાના અટેકણે કબાટમાંથી નવીનની જ નોટ લઈ લખવા માંડયો. લખતો જ ગયો, લખતો જ ગયો લખેલા કાગળો નવીન એકઠા કરવા લાગ્યો અને વાંચવા લાગ્યો – વાંચતી વખતે નવીનને થયું : ત્યારે આ નવીન નંબર એક હશે અને હું નવીન નંબર બે સપનામાં તો નથી ને ? બાને પૂછી જોઈશ અત્યારે તો આ વાંચી લઉં"[૨૪]

આ ફકરામાં અરીસામાંથી જે નવીન આવે છે તે નવીનના સ્વપ્નમાં આવતો બીજો નવીન. આ બીજો નવીન ડાયરી લખે છે અને મુખ્ય નવીન એ ડાયરી વાંચે છે. અહીંથી નવલકથા સ્વપ્નમાં સરતી હોય એવું સહેજે અનુભવાય છે. પછી તરત પદયાત્રાના પહેલા

દિવસનું વર્ણન આવે છે એટલે આપણે સહેજે એવું અનુમાન કરી શકીએ કે અરીસામાંથી આવેલો નવીન યાત્રાની ડાયરી લખતો જાય છે અને મુખ્ય નવીન એ ડાયરી ભાવક સમક્ષ રજૂ કરતો જાય છે. આમ અહીંથી નવીનના સ્વપ્નરૂપે નવલકથા આગળ વધે છે. કથા આગળ વધે છે એમ કહેવા કરતાં સ્વપ્ન આગળ વધે છે એમ કહેવું વધારે યોગ્ય છે. કારણ કે કથા તો નવીનનું સ્વપ્ન ચાલુ થાય છે ત્યાં જ સ્થગિત થઈ જાય છે, થીજી જાય છે. પછી જે કંઈ ગતિ અનુભવાય છે એ તો સ્વપ્નમાં બનતી ઘટનાઓની ગતિ છે. નવીનના અચેતનની ગતિ છે.

નવલકથાના અંતિમ વાક્યો જુઓ :

"સંચા હેઠળથી રીંછ તો નહીં નીકળી આવે ક્યાંક ! એ બીધો, આઘો ખસ્યો અને વાળ સરખાં કરતાં અરીસાની અંદર ગુમ થયેલા બીજા નવીનને ખોજતો હોય એમ હેમ જેવા કાચને તાકી રહ્યો.

કાચ એને તાકી રહ્યો."[૨૫]

નવલકથાના આ અંતિમ વાક્યો દ્વારા નવીનનું સ્વપ્ન પૂરું થયાની પ્રતીતિ થાય છે. છતાં એ સ્પષ્ટપણે ન જ કહી શકાય કે ખરેખર સ્વપ્ન પૂરું થયું છે કે નહિ. કારણ કે વાસ્તવજીવનમાં માનવચિત્ત એટલું તરલ હોય છે કે ક્યારે તે સ્વપ્ન-દિવાસ્વપ્નમાં હોય છે અને ક્યારે જાગૃતિમાં એ કહેવું મુશ્કેલ હોય છે. એવી રીતે અહીં પણ નવીનની તરલ મનોવૃત્તિઓનું સર્જનાત્મક નિરૂપણ થવા પામ્યું છે. આ સંદર્ભને અનુલક્ષીને જ નિરંજન ભગત આ નવલકથાને "સ્વપ્ન અને જાગૃતિની સાંધ્યભૂમિ"[૨૬] કહે છે. ભરત નાયકે તો આ નવલકથાને 'સળંગ સૂત્રબદ્ધ સ્વપ્ન'[૨૭] જ કહી છે.

અહીં સ્વપ્નના બે સ્તર નિરૂપાયા છે.

નવીન નંબર ૧ : નવલકથાની શરૂઆતમાં જેનો પરિચય અપાયો છે તે નવીન. મુખ્ય નવીન. જે સ્વપ્ન જુએ છે તે નવીન.

સ્વપ્નસ્તર ૧ : વાસ્તવમાંથી સ્વપ્નમાં

નવીન નંબર ૨ : નવીન નંબર એકના સ્વપ્નમાં આવતો નવીન. જે પછી ડાયરી લખે છે. પાના નંબર ૫૫ પરનું વર્ણન જુઓ. અરીસામાંથી આવતો નવીન તે આ.

સ્વપ્નસ્તર ૨ : સ્વપ્નમાં સ્વપ્ન

નવીન નંબર ૩ : નવીન નંબર ૨ ના સ્વપ્નોમાં આવતો નવીન જેનું વર્ણન ડાયરીમાં જોવા મળે છે.

ડાયરીની અંદર જેટલાં પણ સ્વપ્નો નિરૂપાયા છે એ બધાં સ્વપ્નની અંદર સ્વપ્નની રચનાપ્રયુક્તિથી નિરૂપાયા છે. ખૂબ જ બારીકાઈપૂર્વક જોઈએ તો જ આ રચનાપ્રયુક્તિનો ખ્યાલ આવે. સ્વપ્નનો આરંભ ક્યાંથી થાય છે અને સ્વપ્ન પૂર્ણ ક્યારે થાય છે આ બે છેડાને સરખાવવામાં આવે તો જ તેનો ખ્યાલ આવે.

ડાયરી લખનાર નવીનને પદયાત્રાની પહેલી રાત્રિએ એક સ્વપ્ન આવે છે. એમાં એ એક નાનું બાળક બની જાય છે. એ ઘોડિયામાં સૂતો હોય છે. ઘોડિયામાંથી એ ડોકિયા કરી જુએ છે તો એની માતા કોઈ પુરુષ સાથે પ્રણયમસ્તીમાં રત હોય છે. એ પુરુષમાં પહેલાં એને એના કાકા-પિતા, પછી વિનાયકકાકા અને પછી ઘનશ્યામજી મહારાજ દેખાય છે. સ્વપ્નમાં સ્વપ્નની પ્રયુક્તિ દ્વારા માતાના વિનાયકાકા અને ઘનશ્યામજી મહારાજ સાથેના લગ્નેતર સંબંધો દર્શાવાયા છે. આ સ્થાને આવી રચનાપ્રયુક્તિનો વિનિયોગ કરવાથી લેખકે એ પણ બરાબર સિદ્ધ કરી બતાવ્યું છે કે માતાના લગ્નેતર સંબંધનો ઘા નવીનના અચેતનના ઊંડામાં ઊંડા સ્તર પર થયો છે. સ્વપ્નમાં આવતાં સ્વપ્નમાં પણ તેને આ ઘાની અસર થાય છે એ બાબત ઘાની ગહનતાને બરાબર સિદ્ધ કરે છે.

ડાયરી લખનાર નવીન નંબર બેને પદયાત્રાની પાંચમી રાત્રિએ પણ એક સ્વપ્ન આવે છે. જેમાં તે ઘનશ્યામ મહારાજના આદેશથી બ્રહ્માની પ્રતિમાવાળા પ્રાચીન દેશની શોધ માટે નીકળ્યો છે. આ સ્વપ્નમાં નવીનના હાથે પેલાં રીંછની હત્યા થઈ જાય છે. આ સ્વપ્નના અર્થઘટન મુજબ નવીન અચેતન સ્તરે અપરાધભાવ અનુભવે છે. પોતાનો જન્મ થવાને કારણે જ તેના પિતાએ ગૃહત્યાગ કર્યો હશે અથવા આત્મહત્યા કરી હશે. અહીં પણ સ્વપ્નની અંદર સ્વપ્નની રચનાપ્રયુક્તિ દ્વારા તેના અપરાધભાવની ગહનતાનો ખ્યાલ આવે છે. આમ, સ્વપ્નની રચનાપ્રયુક્તિ અને સ્વપ્નની અંદર સ્વપ્નની રચનાપ્રયુક્તિ દ્વારા

નવીનના ગૂઢાતિગૂઢ માનસસ્તરના નીરાળા રૂપ દર્શાવવામાં સર્જકની સર્જકતાનો ઉન્મેષ બરાબર ઝીલાયો છે.

નવલકથામાં નિરૂપાયેલી આ રચનાપ્રયુક્તિ સંદર્ભે ડૉ. સુમન શાહ નોંધે છે : "અહીં જાગ્રતિમાંથી સ્વપ્નમાં અને સ્વપ્નમાંથી જાગ્રતિમાં અવરજવર થતી રહે છે, ને એક પ્રકારની સાહિત્યિક વાસ્તવિકતાનું નિર્માણ થાય છે. એ અવરજવરનો એક છેડો નાયક નવીનની ચેતનામાં છે; તો બીજો, લેખકની સર્જક ચેતનામાં. પરિણામે એ અવરજવર અહીં ક્યારેક સહજ, તો ક્યારેક આયાસયુક્ત લાગે છે; ક્યારેક કુદરતી તો ક્યારેક કૃતક લાગે છે. પરંતુ સરવાળે એ અભિવ્યક્તિ-જુક્તિ છે તેથી તેનો છે તેવા સ્વરૂપે સ્વીકાર થવો ઘટે."[૨૮]

## ૯.૫.૨. : ડાયરી અને તેમાં નિરૂપાયેલું ગદ્ય : સર્જકનો રચનાપ્રપંચ કે મર્યાદા ?

નવલકથાનું મોટા ભાગનું કથાફલક ડાકોર યાત્રાની નોંધવાળી ડાયરી રૂપે અભિવ્યક્તિ પામેલું છે. આ ડાયરી વિગતખચીત છે. યાત્રાની ઝીણી ઝીણી બાબતોની અહીં બહુ બારીકાઈપૂર્વક નોંધ લેવાઈ છે. તદ્દન નજીવી લાગતી વિગતોને પણ તેણે જતી નથી કરી. ઉપરથી સતત આ વિગતોનું પુનરાવર્તન થાય છે. પરિણામે ભાવક આવી વિગતખચીત રચનાપ્રયુક્તિની સાર્થકતા બાબતે પ્રશ્નાર્થ અનુભવે એ સહજ છે. વિગતખચીત ડાયરીની રચનાપ્રયુક્તિ દ્વારા કથાવેગ શિથિલ થઈ જાય છે. કહી શકાય કે કથાવેગ થંભી જ જાય છે. એમાં વળી ડાયરીની ભાષા અને એનું શબ્દભંડોળ પણ પુનરાવર્તન પામ્યા કરે છે. નવલકથાની કથાસંરચના અને તેના ગદ્યવિધાનને કેન્દ્રમાં રાખી ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટે કરેલું નિરીક્ષણ તપાસવા જેવું છે :

"કથામાં અવળસવળ આવતી ઘટનાઓ તે તે સ્થાને સ્વાભાવિક અને અનિવાર્ય લાગવી જોઈએ. 'સ્વપ્નતીર્થ' માં આલેખાયેલી બધી જ ઘટનાઓ એવી લાગતી નથી. કથામાં વેરાયેલી ઘટનાઓનું સંયોજન પૂરેપૂરું સુબદ્ધ લાગતું નથી. કૃતિની ભાષાશૈલી પણ પૂરતી પ્રભાવક નથી. સમગ્ર કૃતિમાં ઘણો મોટો ભાગ રોકતું રોજનીશીનું ગદ્ય એકંદરે સ્થૂળ, નિર્જીવ અને નિસ્તેજ છે. રોજનીશીવાળો આખો ખંડ કથાપ્રવાહને મંદ તથા નીરસ કરી મૂકે છે. સર્જનાત્મક સ્તરે ભાષાશૈલીનું વિધાન કરવામાં રાધેશ્યામને અહીં ધારી સફળતા મળી નથી."[૨૯]

કૃતિના પ્રયોજનને કે કથાહેતુને અનુલક્ષીને નવલકથાની રચનાશૈલીની તપાસ કરી હોત તો ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટ આવું નિરીક્ષણ કરવા ન પ્રેરાયા હોત. આ નવલકથાનો હેતુ છે માનવ ચિત્તના અતલ ઊંડાળોને અનાવૃત્ત કરવાનો, માનવચિત્તની ક્રિયાશીલતાનું શક્યતમ્ આકલન કરવાનો. પાત્ર તરીકે નવીન આ કથાહેતુને સિદ્ધ કરવા નિમિત્ત બને છે. એટલે અહીં નવીનનું ચેતનાવિશ્વ કેન્દ્રમાં છે.

આ રચનાપ્રપંચને સમજવા ઝાંક દેરિદાનો વિઘટનશાસ્ત્રીય મનોવિજ્ઞાનનો સિદ્ધાંત કામ લાગે તેમ છે. દેરિદાના મતે ભાષાની ક્રિયાશીલતામાં અચેતન માનસ હંમેશાં પ્રવર્તતું હોય છે. અર્થાત્ સર્જક કે કથકની જે ભાષા છે તે સ્વયં તેઓના ચિત્તની સમરૂપ છે. એમની ભાષામાં એમના ચિત્તની સક્રિયતા જોઈ શકાય. સર્જક કે કથકના અચેતન માનસની ઈચ્છાઓ, તેના વિચારો, તેની વૃત્તિઓ તેમના સર્જન કે કથનમાં જ સક્રિય હોય છે, જીવંત હોય છે એમ નહિ તેમની ભાષામાં, તેમણે જે શબ્દો પસંદ કર્યા છે તેમાં અને તેમની લેખનશૈલીમાં પણ સક્રિય હોય છે.

આ દષ્ટિકોણથી જોઈએ ત્યારે નવીનની ડાયરીમાં જે ભાષાનો જે ગદ્યનો વિનિયોગ થયો છે તે નવીનના અચેતનને પ્રગટ કરે છે. નવીનનું અચેતન અપરાધભાવ, અસલામતી, પિતાવિયોગ વગેરે જેવા ભાવોથી સંક્ષુબ્ધ છે. તેને પોતાના અસ્તિત્વ સામે જ સવાલ છે. તે કોનું સંતાન છે એ જ બરાબર નથી જાણતો. એવી સંક્ષુબ્ધ મનોદશા હોવા છતાં જો એણે સુંદર સાહિત્યિક ભાષા અને લયબદ્ધ ગદ્યનો વિનિયોગ કરીને ડાયરી લખી હોત તો એ ડાયરી નવીનની પોતીકી ડાયરી લાગવાને બદલે લેખકની ડાયરી હોવાની ચાડી ખાત.

ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટને આ નવલકથામાં નિરૂપાયેલી ઘટનાઓનું સંયોજન સુબદ્ધ નથી લાગતું. સુબદ્ધ હોય પણ કેવી રીતે શકે ? આરંભનો થોડોક કથાંશ બાદ કરતાં મોટા ભાગની ઘટનાઓ નવીનના ચિત્તમાં જ ચાલે છે. ચિત્ત કદી રૈખિક ગતિમાં નથી ચાલતું. એ સ્વૈરવિહારી હોય છે. ચિત્તમાં ચાલતો વૈચારિક પ્રવાહ કાર્યકારણ સિદ્ધાંતના માળખાંમાં નથી વહેતો. હવે જ્યારે કથા જ ચૈતસિક સ્તરે ચાલતી હોય, એમાં પણ સ્વપ્નાવસ્થામાં ચાલતી હોય ત્યારે ઘટનાઓના સંયોજનની સુબદ્ધતાની અપેક્ષા કેવી રીતે રાખી શકાય ? માણસનું મન જ જ્યારે સંક્ષુબ્ધ હોય ત્યારે એમાં ઘટતી ઘટનાઓ કે એમાં ચાલતા ઘટનાઓ અંગેના વિચારો સુરેખ કેવી રીતે હોય ? અહીં તપાસનો મુદ્દો એ હોવો જોઈએ કે આવી અવળસવળ

લાગતી ઘટનાની ગોઠવણીમાંથી નવીનના ચેતનાવિશ્વને ઉદ્ઘાટિત કરવામાં લેખક સફળ થયા છે કે નહિ ?

ડાયરીનું ગદ્ય નિસ્તેજ અને નિર્જીવ લાગે છે. આ ગદ્ય જ નવીનનું ચિત્ત અને તેની સ્થિતિ ભાવક સમક્ષ રજૂ કરે છે. નવનનું જીવન જ નિસ્તેજ છે. એ ગયો છે યાત્રાએ પણ એ યાત્રા સાથે તેનું ચિત્ત નથી સંકળાયેલું. એની શારીરિક ઉપસ્થિતિ યાત્રામાં હોય પણ ખરી પરંતુ એની માનસિક અનુપસ્થિતિ આ ડાયરીના નિસ્તેજ અને નિર્જીવ ગદ્યમાંથી દેખાઈ આવે છે. ડૉ. ભરત પંડયા નોંધે છે તે પ્રમાણે : "તે સામ્પ્રદાયિક પરિવેશમાં માત્ર શ્વસે જ છે, તેમાં જીવતો નથી. એ જીવે તો છે વર્ષોથી ગુમ થઈ ગયેલા પિતાને પામવાની ઝંખનાને કારણે"[૩૦] નવીનના મા સાથેના સંબંધો અને અન્ય લોકો સાથેના સંબંધો તદ્દન ક્ષીણ થઈ ગયા છે. તેના અંતરની લાગણીઓ મુરઝાઈ ગઈ છે. લોકો સાથેનો તેનો વ્યવહાર એકવિધ અને સપાટી પરનો થઈ ગયો છે. આવા સંજોગોમાં તેના વિક્ષુબ્ધ માનસમાંથી જે ભાષા અને જે લેખનશૈલી જન્મે તે નિસ્તેજ લાગે એમાં નવાઈ નથી. એ નિસ્તેજપણું ભાષા કે ગદ્યનું છે એમ કહેવા કરતાં એ નિસ્તેજપણું નવીનના માનસિક જીવનનું છે એમ કહેવું વધારે યોગ્ય લાગે છે.

ડૉ. પ્રવીણ દરજી સ્વપ્નતીર્થના વિષય અને ગદ્યના સપાટપણાંમાં 'સર્જકતાનો પ્રપંચ'[૩૧] જુએ છે. તેમના મતાનુસાર નાયક અને તદ્નિમિત્તે આપણા સૌની સમસ્યાઓને, સાંસ્કૃતિક - સાંપ્રદાયિક માહોલને અનાવૃત્ત કરવો એ આ સર્જકતાના પ્રપંચનો હેતુ છે.

## ૯.૫.૩. : અહેવાલની પ્રયુક્તિ :

નવલકથાના આરંભમાં જ સર્જકે અહેવાલપ્રયુક્તિનો વિનિયોગ કર્યો છે. 'કૈસરેહિન્દ' પત્રમાં 'શબનિકાલની સમસ્યા' શીર્ષક હેઠળ પ્રગટ થયેલો અહેવાલ અહીં રજૂ કર્યો છે. આ અહેવાલમાં પારસી કોમની શબનિકાલની પરંપરાગત રીતિથી કેવી સમસ્યાઓ ઊભી થઈ છે તેનો નિર્દેશ મળે છે. નવલકથામાં આ અહેવાલની સાહિત્યિક-કલાત્મક ઉપયુક્તતા બાબતે વિવિધ વિદ્વાનોના મતોમાં અનૈક્ય અનુભવાય છે. નિરંજન ભગતે શબનિકાલની સમસ્યાને સાહિત્યિક સમાજની સમસ્યા સાથે સાંકળી છે અને આ સમસ્યાના નિવારણ માટે ભાવક અને સાહિત્યિક સમાજે સાથે મળીને તેનો ઉકેલ શોધવો પડશે એવું

સૂચન કર્યું છે. તેમની આ વાતમાં તથ્ય છે પરંતુ આ અહેવાલની નવલકથામાં આવશ્યકતા શું એ બાબતે કોઈ સુસ્પષ્ટ ખુલાસો નથી મળતો. બાબુ દાવલપુરા આ અહેવાલને યોગ્ય રીતે મૂલવે છે. તેઓ નોંધે છે :

"મહાનગરની ડુંગરવાડી ખાતે આવેલા પારસીઓના 'શબકૂવા' નો કથાના પ્રારંભે મુકાયેલ નવીનના સ્વપ્નદશ્યમાનો અખબારી વૃત્તાંત પણ તેના આંતરમનની ગતિવિધિના સંકેતરૂપ છે. શબનિકાલની કૂટ સમસ્યાના વૃત્તાંતમાં એ હકીકતનું સૂચન રહેલું છે કે આ માતા-પિતાની હૂંફથી વંચિત રહેવા પામેલા કિશોરોના અવચેતન ચિત્તના અતલ કૂવામાં ખડકાઈને પડેલાં મૃત માનવસંબંધોનાં શબના નિકાલની સમસ્યા પણ સહેલાઈથી હલ ન થઈ શકે તેવી અતિ ગંભીર છે."[૩૨]

પદયાત્રાના ત્રીજા દિવસે તે છાપામાં આવેલો 'બાળકો શું ઝંખે છે ?' એ શીર્ષકવાળો અહેવાલ વાંચે છે. આ અહેવાલમાં વિકસિત અને વિકાસશીલ દેશોના બાળકોએ માતાપિતા પાસે પોતે શું ઝંખે છે એ અંગેના પોતાના અભિપ્રાયો આપ્યા છે. એ અહેવાલ વાંચ્યા પછી નવીન જે પ્રતિક્રિયા આપે છે તે મનોવૈજ્ઞાનિક દષ્ટિએ નોંધપાત્ર છે. બાળક તરીકે નવીનને પણ આ પ્રશ્ન સંદર્ભે વિચારતો જોવાની અપેક્ષા ભાવકને થાય એ સહજ છે. પણ નવીન તો આવી કશી પ્રતિક્રિયા આપવાને બદલે પરીક્ષામાં આવો નિબંધ પૂછાય તો કામ લાગશે એમ વિચારી કાતરથી એ અહેવાલ કાપવા લાગે છે. તેની આવી પ્રતિક્રિયામાંથી એવું સૂચન મળે છે કે માતા પાસેની તેની બધી અપેક્ષાઓ મરી પરવારી છે. મા પાસે કશું અપેક્ષા રાખી શકાય એવો એમનો સંબંધ જ નથી રહ્યો એવું તેની પ્રતિક્રિયામાંથી ફલિત થાય છે.

નવલકથાના પ્રારંભિક ખંડ અને સમાપનરૂપ અંતિમ ખંડમાં સર્જકે ત્રીજો પુરુષ એકવચનની કથનપદ્ધતિ અપનાવી છે. તો નવલકથાનો મુખ્ય ખંડ ડાયરીરૂપે, આત્મકથનાત્મક બયાનરૂપે પ્રથમ પુરુષ એકવચનની કથનપદ્ધતિથી લખાયેલો છે. સતત બદલાતા રહેતાં કથનકેન્દ્રના કારણે કેન્દ્રસ્થ પાત્રની માનસિક ગતિવિધિઓ, તેની સમસ્યાઓને, તેની સંકુલ અને તરલ સંવેદનાઓને એકીસાથે કથાનાયકના આત્મલક્ષી દષ્ટિકોણથી અને સર્વજ્ઞ કથકરૂપ સર્જકના દષ્ટિકોણથી પામવાનો અવકાશ મળે છે. 'સ્વપ્નતીર્થ' ની કલાત્મકતાને સર્વાંગીપણે પ્રમાણતું સુમન શાહનું નિવેદન આ સંદર્ભે નોંધપાત્ર છે.

"આવી મા અને ચાલ્યા ગયેલા પિતાનો સંદર્ભ ધરાવતા કિશોર નવીનના એ જીવનમાં શું બન્યું ? 'સ્વપ્નતીર્થ' જે બન્યું તેનું એક કલાપૂર્ણ બયાન છે. એ બયાન કલાપૂર્ણ એટલા માટે છે કે લેખકે અહીં કથનનો તેમજ વર્ણનનો બેવડો માર્ગ અપનાવ્યો છે; કથાસૂત્ર નવીનના તેમજ લેખકના પોતાના હાથમાં પણ છે; સમગ્ર અભિવ્યક્તિ પરંપરાગત અને પ્રયોગશુદ્ધ બેય માર્ગો વડે સિદ્ધ કરાઈ છે. કૃતિનો મોટો ભાગ બયાનનિરૂપણની રીતે ડાયરીમાં હોય તેવા અભિધામૂલક અર્થો પ્રગટાવતાં સંખ્યાબંધ વાક્યોની સંઘેડાઉતાર રચના-સંરચનાવાળી ભાષામાં લખાયો છે, તો કૃતિનો કેટલોક ભાગ સર્જનનિરૂપણની રીતે પ્રતીકાત્મક અર્થોની ઘનતા અને વિસ્તૃતિ ધરાવતાં વાક્યો અને વાક્યખંડોની યોજના-સંયોજના ધરાવતી ભાષામાં પણ લખાયો છે; ઉપરાન્ત, નાયકનું વૈયક્તિક સંવેદન અને જીવન, તો સંઘનું ટેવપૂર્ણ, પુનરાવર્તનલક્ષી ઘરેડરૂપ સંવેદનોવાળું સામાન્ય જીવન : નવીન એક અને નવીન બે – સ્વપ્ન અને જાગૃતિનાં સન્નિધીકૃત રૂપોની જેમ, 'સ્વપ્નતીર્થ'ની કલાત્મકતામાં આ બધાં સન્નિધીકૃત વાનાંનો પણ પૂરો ફાળો છે "[૩૩]

## ૯.૬. : ઉપસંહાર :

વિષયવસ્તુ, તેનું નિરૂપણ, એ નિરૂપણ અર્થે પ્રયોજાયેલી જુદી જુદી રચનાપ્રયુક્તિઓ, નવલકથાની ભાષા-ગદ્ય, કથાનાયકના માનસિક સંવેદનો, તેની મનોગ્રંથિઓ અને તજ્જન્ય માનસિક તાણ જેવા નવલકથાના પાસાંઓને મનોવિશ્લેષણાત્મક દષ્ટિકોણથી તપાસવાથી સ્પષ્ટપણે સમજાય છે કે આ નવલકથામાં સર્જકે આયોજનપૂર્વક મનોવૈજ્ઞાનિક આબોહવા રચી છે. કોઈ વિચારધારા કે સંપ્રદાયને વરી સર્જનાત્મક પ્રવૃત્તિ કરતી વેળા સૌથી મોટો ભય તેની સર્જનાત્મકતા અળપાવાનો હોય છે. પરંતુ રાધેશ્યામ શર્માએ આ કાર્ય બખૂબી પાર પાડ્યું છે. અહીં તેઓ મનોવૈજ્ઞાનિક આબોહવા સર્જવામાં તો સફળ રહ્યા જ છે સાથોસાથ સાહિત્યિક ગુણવત્તા પણ સુપેરે જાળવી છે.

## ૯.૭. : પાદટીપ :

૧. સ્વપ્નતીર્થ, રાધેશ્યામ શર્મા; પ્રકાશન : પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ; ૧લી આવૃત્તિ, ૨૦૦૧; પૃ. ૪૨

૨. એજન; પૃ. ૪૩

૩. એજન; પૃ. ૧૦૮

૪. એજન; પૃ. ૪૦

૫. એજન; પૃ. ૫૪

૬. એજન; પૃ. ૫૩

૭. એજન; પૃ. ૪૬

૮. એજન; પૃ. ૪૬

૯. એજન; પૃ. ૪૬

૧૦. કથાપદ, સુમન શાહ; પ્રકાશન : પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ; પૃ. ૧૬૭

૧૧. સ્વપ્નતીર્થ, રાધેશ્યામ શર્મા (બાબુ દાવલપુરાનો અભ્યાસલેખ - સ્વપ્નતીર્થ : મનોમય તીર્થયાત્રાનું કળાસભાન રૂપાયન); પ્રકાશન : પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ; પાર્શ્વ ૧લી આવૃત્તિ, ૨૦૦૧; પૃ. ૨૦૯

૧૨. સ્વપ્નતીર્થ, રાધેશ્યામ શર્મા; પ્રકાશન : પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ; પાર્શ્વ ૧લી આવૃત્તિ, ૨૦૦૧; પૃ. ૭૧

૧૩. એજન; પૃ. ૭૨

૧૪. એજન; પૃ. ૭૨

૧૫. એજન; પૃ. ૭૩

૧૬. એજન; પૃ. ૫૪

૧૭. એજન; પૃ. ૫૪

૧૮. એજન; પૃ. ૧૧૧

૧૯. એજન; પૃ. ૧૩૧

૨૦. એજન; પૃ. ૫૦

૨૧. એજન; પૃ. ૧૫૧

૨૨. એજન; પૃ. ૧૫૩

૨૩. એજન; પૃ. ૧૫૪

૨૪. એજન; પૃ. ૫૫

૨૫. એજન; પૃ. ૧૫૪

૨૬. સ્વપ્નતીર્થ, રાધેશ્યામ શર્મા (નિરંજન ભગતે લખેલી પ્રસ્તાવના – સ્વપ્ન અને જાગૃતિની સાંધ્યભૂમિ); પ્રકાશન : પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ; પાર્શ્વ ૧લી આવૃત્તિ, ૨૦૦૧; પૃ. ૧૦

૨૭. સ્વપ્નતીર્થ, રાધેશ્યામ શર્મા (ભરત નાયકનો અભ્યાસલેખ - સ્વપ્નતીર્થ : સ્વપ્નના ચકરાવાનું સ્મરણીય સૌષ્ઠવ); પ્રકાશન : પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ; પાર્શ્વ ૧લી આવૃત્તિ, ૨૦૦૧; પૃ. ૧૭૬

૨૮. કથાપદ, સુમન શાહ; પ્રકાશન : પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ; પૃ. ૧૬૧

૨૯. કથાસૃષ્ટિ, પ્રસાદ બ્રહ્મભટ્ટ; પ્રકાશન : શબ્દલોક પ્રકાશન, અમદાવાદ; ૧લી આવૃત્તિ, ૧૯૮૪; પૃ. ૫૧

૩૦. રચનારીતિ - સંજ્ઞા અને સંપ્રત્યય, ભરત પંડ્યા; પ્રકાશન : પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ; ૨જી આવૃત્તિ, ૨૦૧૦; પૃ. ૮૯

૩૧. સ્વપ્નતીર્થ, રાધેશ્યામ શર્મા (પ્રવીણ દરજીનો અભ્યાસલેખ - સ્વપ્નતીર્થ : એક પુનર્મૂલ્યાંકન); પ્રકાશન : પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ; પાર્શ્વ ૧લી આવૃત્તિ, ૨૦૦૧; પૃ. ૨૦૧

૩૨. સ્વપ્નતીર્થ, રાધેશ્યામ શર્મા (બાબુ દાવલપુરાનો અભ્યાસલેખ - સ્વપ્નતીર્થ : મનોમય તીર્થયાત્રાનું કળાસભાન રૂપાયન); પ્રકાશન : પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ; પાર્શ્વ ૧લી આવૃત્તિ, ૨૦૦૧; પૃ. ૨૦૭

૩૩. કથાપદ, સુમન શાહ; પ્રકાશન : પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ; ૧૬૩